## પરિપત્ર

ઈન્સ્ટ્રકશનલ ફાર્મ, એગ્રોનોમી વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ., નવસારીના બિનઉપયોગી ડેડસ્ટોક/સ્ક્રેપ આઈટમો જાહેર હરાજી તા.૬/૦૮/૨૦૨૪ ના રોજ ૯.૩૦ કલાકે રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતા ઈસમોને હરાજીના દિવસે હરાજીમાં ભાગ લેવા માટે હાજર રહેવા જણાવવામાં આવે છે.

નવસારી. પ્રાધ્યાપક અને વડા (એગ્રોનોમી વિભાગ)
તા. ન.મ.કૃષિ મહાવિદ્યાલય

### :: બીનઉપયોગી ડેડસ્ટોક/સ્ક્રેપ આઈટમોની હરાજીની શરતો ::

૧. બીનઉપયોગી ડેડ સ્ટોક/સ્ક્રેપ આઈટમો અત્યારે જે હાલતમાં અને જે સ્થળે જે પરિસ્થિતીમાં છે તે રીતે તેમજ અત્રેની કોઈપણ જવાબદારી સિવાય જાહેર હરાજીથી વેચાણ કરવાના છે.

૨. બીનઉપયોગી ડેડ સ્ટોક/સ્ક્રેપ આઈટમો જાહેરાતમાં દર્શાવેલ સ્થળે જાહેર રજાના દિવસો સિવાય સવારે ૧૦.૩૦ થી ૧૬.૦૦ કલાક સુધીમાં જોવા મળશે.

૩. હરાજી તા. ૬/૦૮/૨૦૨૪ ના રોજ સમય સવારે ..૦૯:૩૦.. કલાકે નિયત કમીટી સમક્ષ કરવામાં આવશે.

૪. હરાજીમાં ભાગ લેનાર ઈસમે રૂા.૫૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ડિપોઝીટ જમા કરાવવાની રહેશે. ડિપોઝીટ જમા કરાવનાર ઈસમ જ હરાજીમાં ભાગ લઈ શકશે અને તેમને જ સ્થળ પર પ્રવેશ આપવામાં આવશે.હરાજી પૂર્ણ થયા બાદ જે ઈસમના ભાવ વધુ હશે તેમની ડિપોઝીટ યુનિ.નિયમ મુજબ જમા લેવાશે. અન્ય ઈસમોને ડિપોઝીટની રકમ પહોંચ લઈને પરત કરવામાં આવશે.

૫. સૌથી વધુ બોલી બોલનાર ના ભાવ મંજૂર કરવાનો આખરી નિર્ણય કમીટીનો રહેશે.

૬. હરાજીમાં ભાવો કમિટીને અપસેટ વેલ્યુ કરતા ઓછા જણાય તો હરાજી રદ કરવામાં આવશે.

૭. હરાજીમાં બોલેલ રકમના ૫૦% રકમ હરાજી બાદ તુરંત જ ભરપાઈ કરવાના રહેશે. બાકીની ૫૦% રકમ દિન–૫ માં જમા કરાવવાની રહેશે. તેમા નિષ્ફળ જનારની ડિપોઝીટ અને જમાં કરાવેલ રકમ જપ્ત કરવામાં આવશે.તેમજ ભવિષ્યમાં તેમને યુનિવર્સિટીની કોઈ પણ હરાજી માટે બ્લેક લીસ્ટ કરવામાં આવશે. મુદત કોઈ સંજોગોમાં વધારી આપવામાં આવશે.

૮. મંજૂર થયેલ પાર્ટી પાસે પાનકાર્ડ ,આધારકાર્ડ અને જીએસટી સર્ટિફીકેટ હોવું જરૂરી છે. જો જીએસટી સર્ટિફીકેટ ન હોય તો તે અંગેનું ડિકલેરેશન આપવાનું રહેશે.

૯. બીનઉપયોગી ડેડ સ્ટોક/સ્ક્રેપ આઈટમો વેચાણ થયા બાદ તેની સઘળી જવાબદારી જે તે ટેન્ડર ભરનારની રહેશે. અત્રેથી જરૂરી દસ્તાવેજ પેપરમાં સહી કરી આપવામાં આવશે.

૧૦. જરૂરી પેપર્સની કાર્યવાહી સંપૂર્ણપણે પુરી થયા બાદ ડિપોઝીટ વગર વ્યાજે પરત કરવામાં આવશે. તેમજ બીનઉપયોગી ડેડ સ્ટોક/સ્ક્રેપ આઈટમોનો કબ્જો મેળવ્યાથી તમામ જવાબદારી ખરીદ કરનારની રહેશે.

૧૧. બીનઉપયોગી ડેડ સ્ટોક/સ્ક્રેપ આઈટમો જે તે ઈજારાદારે જ તેમના માણસો સાથે હાજર રહી લઈ જવાનુ રહેશે. તેમની ગેરહાજરીમાં કોઈ પણ ઈસમને લઈ જવા દેવામાં આવશે નહી.

૧૨. હરાજી બાબતે કોઈ પણ જાતની તકરાર મુશ્કેલી કે મુદ્દો ઉભો થાય તો નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી નો નિર્ણય આખરી ગણાશે. જે ઈજારદારને બંધન કર્તા રહેશે અને કાયદાકીય જ્યુરીડીકશન નવસારી રહેશે.

૧૩. સંજોગોવશાત ઉપરોકત શરતોમાં કોઈ પણ ફેરફાર યુનિવર્સિટીના સત્તાધિશો તરફથી કરવામાં આવે તો તે માન્ય રાખવા પડશે અને તે અંગે કોઈ તકરાર સ્વીકારવામાં આવશે નહિ. તેમજ યુનિવર્સિટી દ્વારા રચેલ કમિટી નો નિર્ણય આખરી ગણાશે. જે ખરીદ કરનાર ને બંધનકર્તા રહેશે.

૧૪. ઈજારદાર ઈસમ પુખ્ત વયનો હોવો જોઈએ તેમજ અસ્થિર મગજનો હોવો જોઈએ નહી.

૧૫. હરાજીમાં લીધેલ આઈટમો લઈ જવા વાહનમાં ભરતા/ઉતારતા વખતે સામાન/વ્યકિતને નુકશાન/ઈજા થાય તો તેની સંપૂર્ણ જવાબદારી હરાજી મંજૂર થયેલ પાર્ટીની રહેશે.

૧૬. સૌથી વધુ બોલી બોલનાર પાર્ટી પાસે તેમની સૌથી ઊંચી બોલીના ૧% રકમ ટીસીએસ તરીકે કચેરીમાં જમા કરાવવાના રહેશે.

૧૭. ડેડ સ્ટોક/સ્ક્રેપના સાધનો ભરી જવાનો સમય સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ અને બપોરે ૨:૦૦ થી ૪:૦૦ વાગ્યા સુધીનો રહેશે. તે સિવાય તથા રજાના દિવસોમાં સામાન ભરવા દેવામાં આવશે નહી.આ માટે કચેરી તરફથી ગેટપાસ આપવામાં આવશે.ગેટપાસ હશે તો જ સામાન યુનિવર્સિટી કેમ્પસ બહાર લઈ જઈ શકાશે.

૧૮. હરાજીની શરતોને સંપૂર્ણ સ્વસ્થ અને સભાન રીતે મેં વાંચી છે, તેમજ તમામ શરતો મને માન્ય છે અને તેનો ચુસ્તપણે અમલ કરવા બંધાયેલો છું જે માટે મારી સહી કરી સંમતી દર્શાવેલ છે

ઉપરની તમામ શરતો મને માન્ય / કબુલ / બંધન કર્તા છે.

તારીખ : પાર્ટીનું નામ :
સ્થળ : સરનામું :

હરાજીમાં ભાગ લેનારની સહી :
કોન્ટેકટ નંબર:

પ્રાધ્યાપક અને વડા
એગ્રોનોમી વિભાગ
ન.મ.કૃષિ મહાવિદ્યાલય
ન.કૃ.યુ.,નવસારી